પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૭૩, કુલ પાના:૪, તારીખ: ૧૩-૦૭-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 273 PRICE :-RS. 1.50 DATE : 13-07-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઉત્તર ભારતમાં ચોમાસાના આગમન સાથે જ કુદરતનો કહેર

## રાજસ્થાન,ઉ.પ્રદેશ,મ.પ્રદેશમાં વીજળી ત્રાટકતા ૭૦થી વધુના મોત







લખનઉ/જયપુર,
ઉત્તર ભારતમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. આ સાથે જ ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વરસાદ કહેર બનીને તૂટી પડ્યો છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં વીજળી પડવાને કારણે ૬૦થી વધારે લોકોનાં મોત થયાં છે. જ્યારે મધ્યપ્રદેશમાં વીજળી પડવાને કારણે ૭થી વધારે લોકોનાં મોત થયાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીજળી પડવાને કારણે થયેલા મૃતકોનાં પરિવારજનો માટે સંવેદના વ્યક્ત કરી છે. પીએમઓ તરફથી કરવામાં આવેલા ટ્વીટમાં લખ્યું છે કે રાજસ્થાનના અમુક વિસ્તારોમાં વીજળી પડવાને કારણે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. એને કારણે ખૂબ દુઃખ થયું. હું મૃતકોનાં પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું.

ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ અને ૧૧ જિલ્લામાં વીજળી પડવાને કારણે અંદાજે ૪૪ જેટલા લોકોનાં મોત થયાં છે, જ્યારે ૪૭ લોકો ઘાયલ છે. મીડિયા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે, કાનપુરની આસપાસના જિલ્લામાં ૧૮, પ્રયાગરાજમાં ૧૪, કૌશામ્બીમાં ૪, ફિરોઝાબાદ અને ફતેહપુરમાં ૩-૩, ઉન્નાવ, સોનભદ્ર અને હમીરપુરમાં ૨-૨, પ્રતાપગઢ, કાનપુર નગર, મિર્ઝાપુર અને હરદોઈમાં ૧-૧ લોકોનાં મોત થયાં છે. ઘણી જગ્યાએ વીજળી પડવાને કારણે જાનવરોનાં પણ મોત થયાં છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વીજળી પડવાને કારણે થયેલાં મોત વિશે શોકની લાગણી વ્યક્ત કરી છે. આ માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોનાં પરિવારજનોને રૂ. ૪ લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે.

રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં વીજળી પડવાની અલગ અલગ ઘટનાઓમાં સાત બાળકો સહિત ૨૦ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૨૧ લોકો ઘાયલ થયા છે. માત્ર જયપુરમાં જ આમેર કિલ્લાના વોચ ટાવર પર વીજળી પડવાને કારણે ૧૨ લોકોનાં મોત થયાં છે, જ્યારે કોટા જિલ્લામાં ચાર બાળકો અને ધૌલપુર જિલ્લામાં ૩ બાળકોનાં મોત થયાં છે.

જયપુરમાં ભારે વરસાદ દરમિયાન રવિવારે આમેર મહેલમાં બનેલા વોચ ટાવર પર વીજળી પડી હતી. અહીં ફરવા આવેલા ૩૫થી વધુ ટૂરિસ્ટ એની ઝપટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં ૧૧ લોકોનાં મોત થયાં છે. ઘટનામાં અનેક લોકો પહાડી પરથી નીચે ઝાડીમાં પડી ગયા હતા. ઘાયલોમાં હજુ અનેકની હાલત ગંભીર બનેલી છે. હાલ રેસ્ક્યૂ-ઓપરેશન ચાલી રહ્યું છે. રાજ્યમાં અનેક જગ્યાએ વીજળી પડવાની ઘટનાઓ બની છે, જેમાં ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, મધ્યપ્રદેશના અલગ અલગ જિલ્લામાં વીજળી પડવાને કારણે સાતથી વધારે લોકોનાં મોત થયાં છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, શિવપુર જિલ્લામાં બે અને ગ્વાલિયરમાં ૨ લોકોનાં મોત થયાં છે. આ સિવાય શિવપુરી, અનુપુર અને બેતુલ જિલ્લામાં પણ ૧-૧ લોકોનાં મોત થયાં છે.

## ભગવાન જગન્નાથની રથયાત્રા ૪ કલાકથી ઓછા સમયમાં સંપન્ન



અમદાવાદ,
અમદાવાદમાં આજે કર્ફ્યુની વચ્ચે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળ્યા હતા. જો કે, ૪ કલાકમાં જ ભગવાનના ત્રણેય રથ નગરચર્યા કરીને નિજ મંદિરે પરત આવી પહોંચ્યા છે. જણાવી દઈએ કે, પહિંદ વિધિ બાદ મંદિરથી નીકળેલી રથયાત્રા સરસપુર આવી પહોંચી હતી. જ્યાં ભગવાનનું મામેરું ભરવામાં આવ્યું હતું અને પછી ભગવાનને મોસાળમાંથી વિદાય આપવામાં આવી હતી. આયોજન મુજબ રથયાત્રા બપોરે ૧૨ વાગ્યા સુધી પરત આવવાની હતી, પરંતુ નિયત સમયના એક કલાક પહેલા જ રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. રથયાત્રા દરમિયાન લોકોએ પણ સ્વૈચ્છિક નિયમોનું પાલન કર્યું અને ઘરે રહીને જ ભગવાન જગન્નાથજીના દર્શનનો લાભ લીધો.

અમદાવાદમાં આજે ભગવાન જગન્નાથની ૧૪૪મી રથયાત્રા પરંપરાગત વિધિઓ સાથે નીકળી હતી. વહેલી સવારે ૪ વાગ્યે ભગવાન જગન્નાથજીની મંગળા આરતીમાં ભાગ લેવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પહોંચ્યા હતા, તેમની સાથે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ મંગળા આરતીમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મંદિર પરિસરમાં સોનાની સાવરણી સાથે પરંપરાગત રીતે પહિંદ વિધિ કરીને રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. તેમની સાથે નીતિન પટેલ, ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા સહિતના લોકો હાજર રહ્યાં હતાં. રાજ્ય સરકારે રથયાત્રાના રૂટ પર કર્ફ્યૂ લગાવી રથયાત્રા યોજવા મંજૂરી આપી હતી. ભગવાન જગન્નાથની રથયાત્રાનાં ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે, ભગવાનની રથયાત્રા આટલા ઓછા સમયમાં શાતિથી પૂર્ણ થઈ છે.

મુખ્યમંત્રીએ અષાઢી બીજે કચ્છી નૂતન વર્ષ અવસરે કચ્છી સમાજના સૌ ભાઈ બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે, કોરોના વાઈરસના સંક્રમણને કારણે આ વર્ષે કોવીડ પ્રોટોકોલ પ્રમાણે રથયાત્રા યોજાઈ છે. ભગવાન જગન્નાથના દર્શન કરીને દેશ અને ગુજરાત રાજ્ય કોરોના મહામારી માંથી બહાર આવી કોરોના મુક્ત રાજ્ય બને તેવી પ્રાર્થના કરી છે.

રથયાત્રા નિયત સમય કરતા પહેલા જ એટલે સવારે ૧૧ કલાકે જ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ ગઈ હતી. જેથી ૧૧.૩૦ કલાકે કરફ્યૂગ્રસ્ત વિસ્તારોમાંથી કરફ્યૂ હટાવી લેવામાં આવ્યો હતો. આ વખતે ન તો ભજન મંડળી હતી કે કોઈ ગજરાત હતા કે ન કોઈ ટ્રક કે અખાડા હતા પરંતુ આ વખતે રથ સાથે કડક પોલીસ બંદોબસ્ત હતો. રથયાત્રામાં ત્રણ રથ, બે અન્ય વાહનો તથા પોલીસ કાફલો જ જોવા મળી રહ્યો હતો. રથયાત્રા પૂર્ણ થયા બાદ પ્રદિપસિંહ જાડેજાએ એક નિવેદન આપ્યું હતું. જેમાં રથયાત્રામાં લોકોનો સાથ સહકારની પ્રશંસા કરી હતી. પ્રદિપસિંહ જાહેજાએ જણાવ્યું છે કે, રથયાત્રા કોરોના મહામારીની પરિસ્થિતિમાં લોકોની શ્રદ્ધાની સાથે સ્વાસ્થ્યનું પણ જતન થાય તે માટે પ્રોટોકોલનાં આધારે નીકળેલી રથયાત્રા સમગ્ર નગરની અંદર ૨૨ કિલોમીટરની પરિક્રમા કરીને ભગવાન નિજ મંદિર પરત આવી ગયા છે. તે આપણા બધા માટે આનંદનો વિષય છે. મંદિરનાં મહારાજ દિલીપદાસજી, મંદિરનાં ટ્રસ્ટી મહેન્દ્ર ઝા અને આ આયોજન સાથે સંકળાયેલા તમામ લોકોનો હું આભાર માનું છું.

## હાલના સંજોગોમાં તહેવારોની ઉજવણી કરવી યોગ્ય નથી

ન્યુ દિલ્હી,
કોરોનાની બીજી લહેરનુ જોર ભલે ઓછુ થયુ હોય પણ હાલમાં કોઈ પણ તહેવારની જાહેર ઉજવણી કરવી યોગ્ય નથી તેવુ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના અધ્યક્ષ ડો.જે એ જયલાલનુ કહેવું છે.

સાથે સાથે તેમણે સરકારને પણ અપીલ કરતા કહ્યુ હતુ કે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સરકારને અનુરોધ કરે છે કે, કોઈ પણ પ્રકારના સામૂહિક સમારોહના આયોજનોને મંજૂરી આપતા પહેલા ફરી વિચાર કરવામાં આવે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૭૦૦૦ કેસ સામે આવ્યા છે.આ સાથે જ કુલ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૩.૦૮ લાખ પર પહોંચી ગઈ છે.છેલ્લા ૨૪ કલાકમાં ૭૨૪ લોકોના મોત થયા છે.દેશમાં હાલમાં કોરોનાના ૪.૫૦ લાખ જેટલા સક્રિય કેસ છે. સ્વાસ્થ્ય મંત્રાલયનુ કહેવુ છે કે, દેશમાં રીકવરી રેટ ૯૭.૨૨ ટકા છે.જ્યારે રોજને પોઝિટિવિટી રેટ ૨.૫૯ ટકા છેદેશણાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨.૩૫ લાખ લોકોને કોરોના વાયરસની વેક્સીન આપવામાં આવી છે.આ સાથે જ કોરોનાની વેકસીન લેનાર લોકોની સંખ્યા ૩૭.૭૩ કરોડ થઈ ચુકી છે.

## પેટ્રોલની વધતી કિંમતો લોકોને પરેશાન કરી રહી છે: ગડકરી



ન્યુ દિલ્હી,
કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યુ કે પેટ્રોલની વધતી કિંમતો લોકોને પરેશાન કરી રહી છે. આ વાત તેમણે મહારાષ્ટ્રના નાગપુરમાં દેશના પ્રથમ કોમર્શિયલ લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી) ફિલિંગ સ્ટેશનના ઉદ્ઘાટન દરમિયાન કહી હતી. નીતિન ગડકરી અનુસાર, એલએનજી, સીએનજી અને એથેનોલ જેવા વેકલ્પિક ઈંધણના વધુ ઉપયોગ પેટ્રોલની વધતી કિંમતમાં રાહત અપાવશે, જે હવે લોકોને ઉકસાવી રહી છે. નીતિન ગડકરીએ કહ્યુ કે એથેનોલને ગાડીના ઈંધણ તરીકે ઉપયોગ પેટ્રોલની તુલનામાં ઓછી કેલેરી માન છતા ઓછામાં ઓછા ૨૦ રૂપિયા પ્રતિ લીટર બચાવવામાં મદદ કરશે. ગડકરીનું મંત્રાલય આવનારા સમયમાં ફલેક્સ-ફ્યૂલ્સ એન્જિન સાથે જોડાયેલી નીતિની જાહેરાત પણ કરી શકે છે, જે ઓટો મોબાઈલ મેન્યુફેક્ચરર્સને તેમણે બનાવવા માટે ભાર આપશે. આવા એન્જિન એકથી વધુ ઈંધણ અને ઈંધણના મિશ્રણ પર પણ ચાલી શકે છે.

મંત્રીએ આગળ કહ્યુ કે એથેનોલ, મિથેનોલ અને બાયો-સીએનજી જેવા સ્વદેશી ઈંધણ બહારથી આવનારા ક્રૂડ ઓઈલ (કાચા તેલ)ને ટક્કર આપશે અને આપણા ગ્રાહકો માટે સૌથી સારી કિંમત મેળવવાની આ એકમાત્ર રીત છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે, તેમણે સરકારને અપીલ કરી છે કે તે પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસના વિસ્તારનું ખાનગીકરણ કરી દે, જે પહેલા જ ખોલવામાં આવી ચુક્યુ છે. નીતિન ગડકરી અનુસાર, અમે આ વિસ્તારની તમામ ખાનગી કંપનીઓ, જેમાં પીએસયૂ પણ સામેલ છે, આમંત્રણ આપ્યુ છે. અહી સુધી કે તમે એલએનજીની પણ આયાત કરી શકો છો.

## પાટણ જિલ્લામાં કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ: ઠેર-ઠેર પાણી ભરાયા

પાટણ,
પાટણ જિલ્લામાં લાંબા વિરામ બાદ રવિવારે મોડી રાત્રે ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદ પડવાના કારણે મુરઝાઈ ગયેલા પાકોમાં પ્રાણ ફૂંકાયા હતા, જેને લઈને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. ભારે ઉકળાટ બાદ વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી છે. ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે જિલ્લામાં અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. તો પાટણમાં માત્ર એક જ કલાકમાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. વીજળી પડવાના કારણે શહેરની ત્રણ જેટલી સોસાયટીમાં શોર્ટ સર્કિટ થવાથી વીજ ઉપકરણો બળી ગયાની ઘટના બની છે. જ્યારે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હોવાના અહેવાલ છે.

પાટણમાં મોડી રાત્રે એકાએક વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. વીજળી પડવાથી વાળીનાથ ચોક વિસ્તારની ત્રણ સોસાયટીઓમાં વીજ ઉપકરણો બળી ગયા હતા. જ્યારે સુભાષ ચોક ખાતે આવેલી પંક્ચરની દુકાનનું છાપરુ તૂટી ગયું હતું. સૃષ્ટિ હોમ્સ સોસાયટીના કેટલાક ઘરોમાં પંખા, ટીવી, ફ્રીજ સહિતના વીજ ઉપકરણોને ભારે નુકસાન પહોંચ્યું છે. આસપાસની સોસાયટીઓમાં પણ નુકસાન થયું હોવાના અહેવાલ સાપડી રહ્યાં છે. સૃષ્ટિ હોમ્સ સોસાયટીના રહેવાસી ભાઈલાલ પટેલે જણાવ્યું છેકે, એકાએક ધોધમાર વરસાદ શરૂ થયો અને થોડાવીરમાં વીજળીના એવા કડાકા થયા જે અત્યારસુધી જોયા ન હતા. મારા ઘરમાં ધાબા પર વીજળી ત્રાટકી અને ઘરમાં ઉતરી હતી. ઘરના પંખા, ફ્રીજ, ટીવી સહિત બધું જ બળી ગયું છે.

ભારે ઉકળાટ બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા જિલ્લામાં પાટણ ,રાધનપુર, શંખેશ્વર, સિદ્ધપુર, સાંતલપુર, ચાણસ્મા, હારીજ, સમી, સરસ્વતી, વિસ્તારોમાં વરસાદ પડયો હતો. જેને લઈ સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી હતી. લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી. અગાઉ પડેલા સારા વરસાદને લઈ મોટાભાગના ખેડૂતોએ વરસાદી ખેતી કરી હતી, પરંતુ બાદમાં વરસાદ ખેંચાતાં ખેડૂતોમાં ચિંતા જોવા મળી હતી. દિવસભરના ભારે ઉકળાટ બાદ પાટણ પંથકમાં વીજળીના કડાકા સાથે વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. બીટીકપાસ ,રજકાબાજરી, મગ,અડદ, જુવાર સહિતના પાકોમાં પ્રાણ ફૂંકાયા છે.

## ખેડૂત નેતાઓનો ચૂંટણી લડવાનો વિકલ્પ ખુલ્લો છે: રાકેશ ટિકૈત



ન્યુ દિલ્હી,
અત્યાર સુધી કેન્દ્ર સરકાર સામે કૃષિ આંદોલન કરી રહેલા ખેડૂતોએ હવે ચૂંટણી જંગમાં ઉતરવાની પણ તૈયારી કરવા માંડી છે. ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે કહ્યુ હતુ કે, ખેડૂત નેતાઓ માટે ચૂંટણી લડવાનો વિકલ્પ ખુલ્લો છે. એક વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે, સપ્ટેમ્બર મહિનામાં મુઝફ્ફરપુરમાં એક બેઠક યોજાશે અને તેમાં આગળની રણનીતિ નક્કી થશે.સરકાર પાસે બે મહિનાનો સમય છે.તે ઈચ્છે તો વાતચીત કરી શકે છે.સપ્ટેમ્બરની મહાપંચાયતમાં યુપી અને પંજાબ તેમજ હરિયાણાથી ખેડૂતો ભાગ લેશે.આ પંચાયત તમામ ખેડૂત સંગઠનોની હશે અને તે પાંચ સપ્ટેમ્બરે યોજાશે. એક સવાલના જવાબમાં ટિકૈતે કહ્યુ હતુ કે, ચૂંટણી લડવામાં ખોટુ શું છે, અમે વોટ આપીએ છે તો વોટ આપનાર ચૂંટણી પણ લડી શકે છે.હું ચૂંટણી લડવાનો નથી પણ ભારતીય ખેડૂત સંઘની આગળની રણનીતિ શું રહેશે તેની હજી ખબર નથી. ભારતીય કિસાન યુનિયનની શું રણનીતિ રહેશે તે પણ હમણાંતો હું જાણતો નથી.

## ભારે વરસાદની આગાહી: અમરેલી-જાફરાબાદ બંદર પર લગાવ્યુ ૩ નંબર સિગ્નલ

ગાંધીનગર,
રાજ્યમાં આગામી ત્રણ કલાક સૌરાષ્ટ્ર કચ્છમાં તોફાની પવન સાથે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક વિસ્તારોમાં વરસાદને લઈ ઓરેંજ એલર્ટ જાહેર કર્યું છે. દક્ષિણ ગુજરાત પર લો-પ્રેશર સર્જાયું છે. જેના કારણે ૪૦થી ૫૦ કિમીની ઝડપે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે અમરેલી જિલ્લાના જાફરાબાદ, ગીર સોમનાથના વેરાવળ અને કચ્છના કંડલા બંદર પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવાયું છે. બંદર પર ત્રણ નંબરના સિગ્નલ સાથે પ્રશાસને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે. હવામાન વિભાગના મતે આગામી ત્રણ કલાકમાં સૌરાષ્ટ્ર કચ્છના જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ જિલ્લામાં ૩૦થી ૪૦ કિમીના ઝડપે પવન સાથે વરસાદ વરસશે. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીના પગલે રાજ્યના ત્રણ બંદરો પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. દરિયામાં કરંટ અને પવનની સ્પીડ વધે તેવી શક્યતાને ધ્યાને રાખી મેરિટાઈમ બોર્ડે માછીમારોની સલામતી માટે બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવી સાવચેત કર્યા છે. લાંબા સમયના વિરામ બાદ આખરે અષાઢ મહિનના પ્રથમ દિવસે મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. રાજ્યના અનેક જિલ્લામાં મેઘરાજા આજે મન મૂકીને વરસ્યા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ત્રણ દિવસ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના અનેક જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એચ. કે. ડામોર
મુ. બચકરીયા (ઉ), તા. કડાણા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આઈ શ્રી ખોડીયાર બચત ધીરાણ જુથ
મુ. માલવણ, તા. કડાણા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સંત તાલુકા ખ.વે.સં.
મુ. કડાણા શાખા, તા. કડાણા

### ઝાલોદ મે. સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઝાલોદ

નં.જન્મ/મરણ/નોંધણી/વશી.૮૦૬/૨૦૨૧ તા.૦૯/૭/૨૦૨૧

અરજદાર : ડિંડોડ પુષ્પાબેન દિનેશભાઈ,
રહે :– મઘાનીસર તા.ઝાલોદ, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગૃપ ગ્રામ પંચાયત ઘેંસવા, તા.ઝાલોદ, જી.દાહોદ

–: હુકમ :–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત સંબંધ ધરાવાતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદાર નામે ડિંડોડ પુષ્પાબેન દિનેશભાઈ રહે.મઘાનીસર, તા.ઝાલોદ નાઓએ તેઓના પુત્ર નામે ડિંડોડ મયુરભાઈ દિનેશભાઈ નો જન્મ તા.૨૪/૧૦/૨૦૦૦ ના રોજ મુ.મઘાનીસર, તા.ઝાલોદ, જી.દાહોદ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેઓના પુત્રના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ (ત્રીસ)માં અત્રેની કોર્ટમાં રજુ કરવા. જો નિયત મુદ્દત દરમ્યાન કોઈ વાંધો તકરાર રજુ નહી કરવામાં આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૯ મી જુલાઈ સને ૨૦૨૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
(એસ. ડી. ચૌધરી)
સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ, તા.ઝાલોદ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા સમ્પન કરાઈ




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં ભગવાનશ્રી જગન્નાથજીની રથયાત્રા ના ભક્તો ના અખાડા નાં ભજન મડળી ના કોઈ બેંડવાજા માત્ર પોલીસ ના કડક બંદોબસ્ત ૧૪૪ ની કલમ મા શાંતીપુર્ણ વાતાવરણમાં અને ભાવિકોની જુજ ઉપસ્થિતીમાં સમ્પન્ન થઈ હતી. રથયાત્રા નિજ મંદિરેથી નીકળી નિર્ધારિત સ્થળોએ ભ્રમણ કરી પુનઃ નીજ મંદિરે ભગવાન શ્રી જગન્નાથજીની યાત્રા પહોંચી હતી. આ વખતે સરકારની ગાઈડલાઈન પ્રમાણે રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નીકળેલી આ રથયાત્રા શહેરીજનોએ લાઈવ પ્રસારણના માદયમથી ઘરે બેઠા રથયાત્રા નીહાળી હતી. અષાઢી બીજના પાવન પ્રસંગે ભગવાન શ્રી જગન્નાથજીની દાહોદ નગર સહિત જિલ્લામાં ચાર સ્થળે દાહોદ, લીમખેડા, ઝાલોદ અને લીમડી નગરમાં આજે રથયાત્રા નીકળી હતી. નગરચર્યાને લઈને પોલીસ દ્વારા સઘન બંદોસ્તનું આયોજન કરવામાં આવ્યું છે. દાહોદ શહેરમાં રથયાત્રા હનુમાન બજાર રણછોડરાય મંદિરેથી રથયાત્રા નીકળી હતી. પદવિહિન દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર મંત્રી બચુભાઈ ખાબડ જીલા પંચાયત ના પ્રમુખ સીતલ બેન વાઘેલા અને નગરપાલિકા પ્રમુખ રીના બેન પંચાલ દ્વારા કરવામાં આવી હતી. આ રથયાત્રામાં પાલિકાના સભ્યો, કાર્યકરો સહિત કોરોના ગાઈડલાઈનના અનુસાર ગણપાત્ર લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ રથયાત્રા વહેલી સવારે સાડા નવ વાગ્યાના સમયે હનુમાન બજાર સ્થિત આવેલ રણછોડરાય મંદિરેથી નીકળી શહેરના બહાર પુરા, પડાવ, નેતાજી બજાર, દોલતંગજ બજાર, સોનીવાડ રાધાકૃષ્ણ મંદિરે ભગવાને પોતાના મામાના ઘરે વિસામો ર્ક્યો હતો તે મંદિરની મામેરૂ તથા ભગવાનની આરતી અને પુજા વિધી કરી ભગવાન શ્રી જગન્નાથજી બેન સુભદ્રા સાથે રથમાં બેસી નગર ની યાત્રા એ નીકળ્યા હતા આર.પી. અગ્રવાલ સ્કુલ થઈ એમપીએમસી ત્રણ નંબરના ગેટ સામે થી ગોવિંદનગર કોર્ટ રોડ, બજાર થઈ નેતાજી બજાર થઈ હનુમાન બજારના નીજ મંદિરે સમાપન કરવામાં આવ્યું હતુ. ભક્તોને દર્શન કરવા માટે નિજ મંદિરે ભગવાનને રથમાં ખુલા રાખવામાં આવ્યા હતા.

# ફતેપુરાના ચીખલી ગામે જમીન બાબતે ધિંગાણામાં ઈજાઓ

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ચીખલી ગામે જમીન સંબંધી મામલે ગામમાં રહેતાં બે પરિવારો વચ્ચે કુહાડી,ધારીયા, લાકડી જેવા મારક હથિયારો ઉછળતાં બંન્ને પક્ષોના મળી મહિલા સહિત કુલ ૦૬થી વધુ વ્યક્તિઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં બંન્ને પક્ષો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાંનું જાણવા મળે છે જ્યારે ધિંગાણાને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

ચીખલી ગામે રહેતાં મણીલાલ ફતાભાઈ મકવાણા, જગદીશભાઈ મખજીભાઈ મકવાણા, ગૌતમભાઈ રૂપાભાઈ મકવાણા, લાલસીંગભાઈ વાલસીંગભાઈ મકવાણા, દરીયાબેન મખજીભાઈ મકવાણા, મોનીકાબેન પ્રકાશભાઈ મકવાણા, તેજલબેન જગદીશભાઈ મકવાણા, કૈલાસબેન હિતેશભાઈ મકવાણા, બીપીનભાઈ લાલસીંગભાઈ મકવાણાનાઓએ ગત તા.૧૧મી જુલાઈના રોજ એકપંસ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લાકડીઓ, કુહાડી જેવા મારક હથિયારો ધારણ કરી પોતાના ગામમાં રહેતાં મહેન્દ્રભાઈ શકજીભાઈ મકવાણાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલીસ જમીન સંબંધી મામલે ઝઘડો તકરાર કર્યો હતો અને એકદમ ઉશ્કેરાઈ જઈ નવલભાઈ, સ્વરાજભાઈ, મહેન્દ્રભાઈ, ગીતાબેન, હેતલબેન વિગેરેને શરીરે હાથે પગે તેમજ માથાના ભાગે કુહાડી વડે તેમજ લાકડી વડે માર મારી લોહીલુહાણ કરી ગંભીર ઈજાઓ પહોંચાડી ટોળાએ ભારે ધિંગાણું મચાવી નાસી ગયું હતું. આ સંબંધે ઈજાગ્રસ્ત મહેન્દ્રભાઈ શકજીભાઈ મકવાણાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સામાપક્ષેથી ચીખલી ગામે રહેતાં જગદીશભાઈ મખજીભાઈ મકવાણાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, તેમના ગામમાં રહેતાં નવલભાઈ શકજીભાઈ મકવાણા, સ્વરાજભાઈ સકજીભાઈ મકવાણા, મહેન્દ્રભાઈ સકજીભાઈ મકવાણા, મધુબેન મહેન્દ્રભાઈ મકવાણા, સવિતાબેન નવલભાઈ મકવાણા તથા કૈલાશબેન સ્વરાજભાઈ મકવાણાનાઓએ જમીન સંબંધી મામલે એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લાકડી, કુહાડી જેવા મારક હથિયારો ધારણ કરી જગદીશભાઈના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ મણીલાલ, જગદીશભાઈને કુહાડી વડે તેમજ લાકડી વડે માર મારી શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી ભારે ધિંગાણું મચાવી ટોળી નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત જગદીશભાઈ મખજીભાઈ મકવાણાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયાના પીપલોદ રોડ પર ભુર્ગભ ગટરના તુટેલા છત ક્યારે બદલાશે ?



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં પીપલોદ રોડની મેન ભુર્ગભ ગટરના ઢાંકણ તૂટેલા છે. તે મોટી દુર્ઘટના થશે ત્યારે નવા નખાશે ? છેલ્લા એક સમાથી ઢાંકણ તૂટેલા હાલતમાં છે શું ? આ રોડ ઉપર નગર પાલિકાના સભ્યો અથવા સત્તાધીશો અવર જવર કરતા નહિ હોય શું ? તેમને નગર પાલિકાની પડી નથી ? કોઈ બાઈક સવાર તથા થ્રી વ્હીલર રીક્ષા છકડો આ તૂટેલા ઢાંકણમાં ખાબકશે તો મોટી દુર્ઘટના સર્જવાની ભીતી સેવાઈ રહી છે. તેમજ આ મેન રોડ પાવાગઢ જવા માટે શોર્ટકટનો રોડ હોવાના કારણે આ રોડ ઉપર ટ્રાફિકના ખાસ્સો ઘસારો જોવા મળે છે. તેમજ આ રોડ છેલ્લા ચાર વર્ષથી આરસીસીના રોડ માર્ગ તેમજ મકાન વિભાગના હસ્તક બનાવેલો છે. તેની મુદત પુરી થઈ ગઈ છે. તો આ રોડ નવિન બનાવવાનો સમય પણ થઈ ગયો છે. જેથી માર્ગ અને મકાન વિભાગ આ રોડને નવો કયારે બનાવશે તે આમ જનતા પૂછી રહી છે. સમારકાર્ય કરીને આ રોડનું કાંઈ સુધરવાનું નથી. થીગડા થાગડી કરવાની રોડનું ફીનીસીંગ આવતું નથી. જેથી નવો રોડ બનાવવામાં આવે તેવી સમયની માંગ છે.

## ગોકુળિયું ગામ



જીજ્ઞા કપુરીયા (નિયતી)

પ્રભાતે પોકાર કરે સૂરજનો
છડીદાર,
આંબા ડાળે કોયલ બોલે અને
મોરલિયો મલ્હાર.....
તનથી મેલાં માનવી પણ મનમાં
રાખે રામ,
શામળિયો પણ ભુલો પડે એવું
ગોકુળિયું ગામ.....
ભૌર ભયે મહીયારણ મહિડા
વલોવા જાય,
આળસ મરડી આંગણે સૂરજ
પણ બેઠો થાય.......
ગોંદરે જતી ગાવલડીનાં ગળામાં ઘુઘરમાળ,
પણિહારી પાણીલા ભરતી ઝાંઝરનો ઝણકાર.......
સીમમાં વડલો શોભતો ને પાદરે પીપળો હોય,
દુધાળા ઢોર દીસતાં દૂધ ગોપાલક દોય.......
શિયાળાના ઠંડા સમીરમા કાયા થરથર થાય,
ઉબાડિયાની મજા જ અનેરી કાળજા ઉના થાય.......
ગોબર લિપેલા ફળીયામાં ભલે કાલા ઠલવાતાં હોય,
આ માટી ખુદતાં માનવીના હે જી મન ઊજળા હોય......

## દાહોદ શહેરના વોર્ડ નંબર ત્રણમાં બે દિવસ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

શનિવારના રોજ વોર્ડ ન ૩ ના કોગ્રેસ ના કાઉન્સિલર ઈસતીયાક સૈયદ, કલા બેન, લક્ષ્મી બેન ભાટ અને ઉજવલ ગ્રામ વિકાસ મંડળના પ્રમુખ સોહેલ મુનશી તેના સભ્યો તથા આરોગ્ય ખાતા દ્વારા કોવેડ ૧૯ વાક્સિનેસન કેમ્પનું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં ૪૯૦ લાભર્થીઓ ઉત્સાહ થી વેકસીનનું લાભ લીધો હતો. દાહોદ શહેરમાં રવિવાર ના રોજ પણ કોરોના વેકસીન કેમ ઠક્કર ફળીયામાં ભવ્ય વેકસીન નો કેમ્પ થયો લગભગ ૪૧૦ જેટલા લોગો વેકસીન નો કેમ્પ નો ફાયદો ઉઠાવ્યો અને ઠક્કર ફળીયાના નગર પાલિકા કાવસિલર અને ઉજવલ ગ્રામ વિકાસ મંડળ ના સહયોગ થી પોગ્રામ સફળ રહ્યો દાહોદ આરોગ્ય શાખાનો ઠક્કર ફળ્યા ના લોકો.

# ફતેપુરા તાલુકાના મોટાનટવામાં ખ્રિસ્તી અનુયાયીઓ દ્વારા કરાવાતા ધર્મ પરિવર્તન ઉપર રોક લાવવા તથા ચર્ચનું થતું બાંધકામ અટકાવવા મામલતદારને આવેદનપત્ર



ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં વર્ષોથી ખ્રિસ્તી અનુયાયીઓ દ્વારા હિંદુ ધર્મના લોકોને લોભ લાલચ આપી ધર્મ પરિવર્તન કરાવતા હોવાની બૂમો ઉઠવા પામેલ છે.જેમાં મોટાનટવા ગામે ગ્રામ પંચાયત દ્વારા કોઈપણ જાતની મંજૂરી આપી ન હોવા છતાં ગેરકાયદેસર ચર્ચનું બાંધકામ થતું હોવા બાબતે તેમજ સ્થાનિક લોકોને લોભ લાલચ આપી ધર્મ પરિવર્તન કરાવાતુ હોવા બાબતે મોટાનટવાના ગ્રામજનોએ ફતેપુરા મામલતદારને આવેદનપત્ર આપ્યુ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના મોટાનટવા ગામે ખ્રિસ્તી અનુયાયીઓ દ્વારા છેલ્લા કેટલાક સમયથી હિન્દુ ધર્મના લોકોને લોભ લાલચ આપી દવા વિના દુઆથી બીમારી દૂર કરવા તથા ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનારના બાળકોને મફત શિક્ષણ આપવા તેમજ ખ્રિસ્તી ધર્મ અપનાવનારા લોકોને વિવિધ લાભો આપવાના બહાને ખ્રિસ્તી અનુયાયીઓ દ્વારા ધર્મ પરિવર્તન કરાવાતુ હોવા બાબતે ફતેપુરા મામલતદારને મોટાનટવા ગ્રામજનોએ આવેદનપત્ર આપી જણાવ્યું છે કે, મોટાનટવા ગ્રામ પંચાયત દ્વારા સર્ચ બાંધકામ માટે કોઈ મંજૂરી આપવામાં આવી ન હોવા છતાં ગેરકાયદેસર બાંધકામ કરી ખ્રિસ્તી અનુયાયીઓ મનસ્વીપણે લોકોને ખિસ્તી ધર્મ તરફ આકર્ષી રહ્યા છે.તેમજ ગેરકાયદેસર થતા ચર્ચના બાંધકામને તાત્કાલિક અટકાવવા પણ ગ્રામજનોએ આવેદનપત્રમાં જણાવ્યું છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, ભારતના નાગરિક ને કોઈપણ ધર્મ પાળવાની છૂટ આપવામાં આવેલ છે. પરંતુ કોઈના ધર્મને ખંડિત કરી લોભ લાલચ આપી ધર્મ પરિવર્તન કરાવી શકાતું નથીતે નિર્વિવાદ બાબત છે.તેમ છતાં ફતેપુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખ્રિસ્તી અનુયાયીઓ દ્વારા ગરીબ,અભણ લોકોને લોભ લાલચ આપી તેમજ કોઈપણ જાતની બીમારી દવા વગર દુઆથી દુર કરવાની લાલચ આપી ધર્મ પરિવર્તન કરાવાતું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.ત્યારે તાલુકામાં જે લોકો હિન્દુ ધર્મમાંથી ધર્મ પરિવર્તન કરી ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હોય તેઓની નોંધ તાલુકા કક્ષાએ હોવી જરૂરી છે.તેમજ તેમને હાલ જે અનુસુચિત જન જાતિ અથવા અનુસૂચિત જાતિના લાભો મેળવી રહ્યા છે તેની પણ તપાસ થવી જરૂરી છે.તે સાથે અનેક લોકો કે જેઓએ ધર્મ અંગીકાર કરી ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હોય તેમના બાળકોના સર્ટિફિકેટમાં હાલ હિન્દુ હોવા બાબતે ઉલ્લેખ કરવામાં આવે છે.તેમાં પણ ફેરફાર કરવો જરૂરી છે.

## ઝાલોદ માર્કેટયાર્ડમાં જુગાર રમતા ૪ જુગારીયાઓને ઝડપ્યા

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં માર્કેટ યાર્ડમાં જાહેરમાં પાના પત્તા વડે હારજીતનો જુગાર રમાતો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે ૦૪ જુગારીઓને ઝડપી પાડી તેઓની અંગઝડતી તેમજ દાવ પરથી રોકડા રૂપીયા, મોબાઈલ ફોન તેમજ એક મોટરસાઈકલ મળી કુલ રૂ.૪૫,૭૮૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ ઝડપાયેલ ૦૪ જુગારીયોએને જેલના સળીયા પાછળ ધકેલી દીધાં છે.

મનીશભાઈ ભરતભાઈ અગ્રવાલ (રહે.વડબજાર, ઝાલોદ), મુકેશભાઈ મખનલાલ અગ્રવાલ (રહે. પંચશીલ સોસાયટી, ઝાલોદ), રાજેન્દ્રભાઈ નાગરમલ અગ્રવાલ (રહે. સર્વોદય સોસાયટી, ઝાલોદ) અને દિમંતભાઈ શશીકાંત કોઠારી (રહે. મીઠાચોક, શેઠાણી ફળિયા, ઝાલોદ) આ ચારેય જણા ગત તા.૧૧મી જુલાઈના રોજ ઝાલોદ નગરમાં આવેલ માર્કેટ યાર્ડના અંદરના ભાગે ખુલ્લી જગ્યામાં ગંજી પત્તા પાના વડે પૈસા હાર જીતનો જુગાર રમી, રમાડતાં હતાં. આ અંગેની બાતમી પોલીસને થતાંની સાથે પોલીસ કાફલો રવાનો થયો હતો અને ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી પરંતુ પોલીસે ઉપરોક્ત ચારેય જુગારીઓને ઝડપી પાડ્યાં હતાં અને તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૪,૩૮૦, જમીન દાવ પરથી રોકડા રૂપીયા ૫,૯૦૦, એક મોબાઈલ ફોન કિંમત રૂ.૫૦૦ તથા બે મોટરસાઈકલ કિંમત રૂ.૨૫,૦૦૦ એમ કુલ મળી રૂ.૪૫,૭૮૦નો મુદ્દામાલ ઝાલોદ પોલીસે કબજે લઈ ઉપરોક્ત ચારેય જુગારઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના પછાત વિસ્તારના શિક્ષકો દ્વારા ચલાવવામાં આવતું શિક્ષણનું ભગીરથ કાર્ય દેશ અને દુનિયા માટે આદર્શરૂપ



દાહોદ,

કોરાનાના સમયગાળા દરમિયાન સમાજના ઘણા બધા ભાગોને અસર પહોંચી છે. ઘણાની નોકરીઓ છીનવાઈ ગઈ, ઘણાના ધંધા ભાંગી પડ્યા આવી ઘણી બધી નકારાત્મક વાતો આપણે ગયા એક વર્ષ દરમિયાન સાંભળીએ છીએ. તો આજે એક એવી કંઈક વાત કરીએ કે જેનાથી સમાજને પ્રેરણા મળે.આજે આપણે વાત કરવી છે શિક્ષણ જગતની. સામાન્ય રીતે લોકડાઉનના કારણે શિક્ષણની હાલત ખૂબ જ કફોડી બની ગઈ છે. શિક્ષિત અને શહેરી વિસ્તારમાં તો ઓનલાઈન શિક્ષણનો પણ એક વિકલ્પ છે પરંતુ જ્યારે વાત આવે ગામડાની ત્યારે ઓનલાઇન શિક્ષણમાં ઘણા બધા પ્રશ્નો સર્જાય છે. એમાં પણ વાત જો કરવા જઈએ પછાત ગામડાની તો ત્યાં તો શિક્ષણની ખૂબ માઠી દશા છે. પરંતુ આવા નકારાત્મક વાતાવરણ વચ્ચે પણ ઘણા બધા વ્યક્તિઓ દ્વારા સકારાત્મક કાર્યો કરવામાં આવી રહ્યા છે.

આજે વાત કરવી છે દાહોદ જિલ્લાની, દાહોદનું નામ સાંભળતાં જ દરેક ગુજરાતીના મગજમાં એક પછાત વિસ્તાર તરીકેની છાપ ઉભી થઈ જાય છે, હકીકત જોવા જઈએ તો દાહોદની પરિસ્થિતિ પણ કંઇક એવી જ છે. આવી પરિસ્થિતિ વચ્ચે પણ દાહોદમાં ઘણા બધા સકારાત્મક કાર્યો શિક્ષણ જગતમાં થઈ રહ્યા છે. આ વાત છે ફળિયા શિક્ષણની. સૌપ્રથમ તો એ પ્રશ્ન થાય કે ફળિયા શિક્ષણ એટલે શું? સામાન્ય રીતે શહેરોમાં સોસાયટીઓ હોય છે એવી રીતે દાહોદના આસપાસના ગામડાઓમાં ફળીયા હોય છે જે ફળિયામાં ૧૫-૨૦ જેટલા ઘર હોય છે જેમ ગીરમાં નેસડા હોય એ જ રીતે ફળિયાનું સ્ટ્રકચર હોય છે. સામાન્ય રીતે જોવા જઈએ તો ગયા વર્ષ થી જ સરકારશ્રી ની ગાઈડ લાઈન પ્રમાણે ઓનલાઈન શિક્ષણ આપવાનું નક્કી થયેલું હતું.જેમાં સરકાર દ્વારા એપ્લિકેશનો અને બીજું મટીરીયલ પુરૂ પાડવામાં આવતું હતું. પરંતુ દાહોદ અને તેની આસપાસનો વિસ્તાર એવો વિસ્તાર છે કે જ્યાં ૧૦૦માંથી ૨૦ ઘરમાં મોબાઈલની સુવિધા છે જ નહીં ૫૦ ઘરમાં સાદા મોબાઈલ અવેલેબલ છે, ટૂંકમાં કહીએ તો ત્યાં ઈન્ટરનેટના માદયમથી શિક્ષણ આપવું એ અશક્યને નજીક છે. આવી પરિસ્થિતિમાં બાળકોના ભવિષ્યનો વિચાર કરી અને પરિસ્થિતિને દ્યાનમાં રાખી દાહોદ જિલ્લાના બી.આર.સી, સી.આર.સી અને શિક્ષકોની ટીમે મળી એવી રીતનું આયોજન કર્યું કે જેના દ્વારા બાળકોને કે જ્યાં રહે છે ત્યાં જઈ અને તેને શિક્ષણ આપી શકાય. જેથી બાળકોને શિક્ષણ પણ મળી રહે. આ રીતે ફળીયા શિક્ષણની શરૂઆત પ્રથમ લોકડાઉનના સમયથી કરવામાં આવેલી હતી. શરૂઆતમાં ડીડી ગિરનાર જેવી ચેનલો દ્વારા પણ શિક્ષણ આપવા માટે પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ ત્યાં ટીવીની સગવડતા પૂરતી ન હોવાથી એવો નિર્ણય કરવામાં આવ્યો કે વિદ્યાર્થીઓને અલગ-અલગ ગ્રુપમાં સરકારની કોરોના ગાઈડ લાઈન પ્રમાણે એક ફળિયામાં ભેગા કરી અને તેને શિક્ષણ આપવું.

જીગ્નેશભાઈ સચાનીયા જે પોતે દામોર ફળિયા પ્રાથમિક શાળા ( ચંદવાના - દાહોદ )માં શિક્ષક તરીકે ફરજ નિભાવે છે. તેમની સ્કૂલમાં એક થી આઠ ધોરણ માં ૩૦૦ બાળકોની સંખ્યા છે. આ પ્રાથમિક શાળા સંપૂર્ણ રીતે પછાત વિસ્તારમાં આવેલી છે તેથી ત્યાં ૧૦૦% બાળકો આદિવાસી બાળકો છે. તે પ્રાથમિક શાળામાં દસ શિક્ષકો અને એક આચાર્યનો સ્ટાફ છે. તેમના જણાવ્યા પ્રમાણે બે - બે શિક્ષકોની ટીમ બનાવી તેઓ આ ભગીરથ કાર્ય કરી રહ્યા છે. તેમનું માનવું છે કે અત્યારે શિક્ષકો અને બાળકો બંને માટે એક પ્લેટિનિયમ ટાઈમ છે કેમકે આ રીતે અપાઈ રહેલા શિક્ષણમા તેઓ એક એક બાળક પર પર્સનલી દ્યાન આપી અને તેમને માર્ગદર્શન આપી શકે છે. આ રીતે પહેલું શિક્ષણ એ એક પ્રકારના પર્સનલ ટ્યુશન જેવું થઈ ગયું જેથી બાળક માટે તે ફાયદાકારક છે.

આ રીતે અપાઈ રહેલા શિક્ષણમાં વાલીઓનો પણ પૂરેપૂરો સપોર્ટ મળે છે, જો કોઈ બાળક ભણવા આવ્યું ન હોય તો જેતે ફળિયાના વડીલ તેમને બોલાવી આપે છે તેથી બાળકોની બિનજરૂરી ગેરહાજરી પણ રહેતી નથી.

આ રીતે પહેલા શિક્ષણમાં જીગ્નેશભાઈ ના આગળ પણ ઘણા બધા પ્લાન છે તેઓ ટૂંક સમયમાં જ એક હરતીફરતી વિજ્ઞાનની પ્રયોગશાળા અને ગણિતની લેબ શરૂ કરવાના છે જેના દ્વારા જે શિક્ષણ બાળકોને શાળાએ મળતું તે જ શિક્ષણ બાળકોને પોતાના ઘરઆંગણે મળે છે. તેઓનું કહેવું છે ઘણા બધા દાતાઓ તરફથી ઘણી બધી રીતે સહાય મળતી રહે છે થોડા સમય પહેલા જ તેઓએ દરેક બાળકોને ચપ્પલ અને નોટબુકનું વિતરણ કર્યું હતું. આ વિચાર તેમને ત્યારે આવ્યો કે જ્યારે તેઓ બાળકોને વારંવાર ચોપડા લેવા માટે કહેતા હતા પરંતુ બાળકો પર લઈ આવતા ન હતા ત્યારબાદ તેના કારણમાં તેમને એવું જાણવા મળ્યું કે કોરોના ની પરિસ્થિતિ ને લઈ તેમના વાલીઓ પાસે પૂરતા પૈસા ન હતા.

દાહોદના બીઆરસી કિરીટભાઈ પટેલ સાથે વાત કરતા જાણવા મળ્યું કે તેમના અને તેમની ટીમ દ્વારા દાહોદ તાલુકાના અલગ અલગ વિસ્તારોમાં સાડા ત્રણસોથી વધારે ટીવી મૂકવામાં આવ્યા છે અને શિક્ષકોએ પોતે ફંડ ઉભું કરી અને ચાલીસ હજાર રૂપિયાના રોલર બોર્ડ ખરીદ્યા જેને લીધે શિક્ષકોને ભણાવવા જતી વખતે સગવડ રહે.

આમ જોવા જઈએ તો આ સિસ્ટમ દ્વારા બાળકોને ભણાવવા ના ઘણા બધા ફાયદાઓ છે સૌપ્રથમ તો મોટો ફાયદો એ કે બાળકોના મગજ માંથી જે સ્કૂલ પ્રત્યેનો અણગમો છે તે આ સિસ્ટમમાં દૂર થઈ જાય છે, જે બાળકોને વર્ગખંડનો ડર હતો તે નીકળી જાય છે, શિક્ષકોના પ્રતિભાવ પરથી જાણવા મળ્યું કે જે બાળક વર્ગખંડમાં કશું બોલતા નથી તે બાળક ફળિયા શિક્ષણમાં ખુલીને બોલે છે અને પ્રશ્નોત્તરી કરે છે. ત્યારબાદ જોવા જઈએ તો દાહોદ જેવા આદિવાસી વિસ્તારમાં આ પ્રકારનું શિક્ષણ એ ભવિષ્ય માટે ખુબ જ અસરકારક પુરવાર થઈ શકે છે કેમકે આ શિક્ષણમાં શિક્ષકો વ્યક્તિગત રીતે એક બાળક પર ધ્યાન આપી શકે છે. આ શિક્ષણ મોડેલને ભારતભરમાં જ્યાં જ્યાં પછાત વિસ્તાર છે ત્યાં લાગુ કરવા જેવું છે કેમકે તેવા વિસ્તારોમાં ઈન્ટરનેટ જેવી સુવિધાઓ ખાસ હોતી નથી. તો જે બાળકો અત્યારે લોકડાઉન અને ઈન્ટરનેટ ન હોવાથી શિક્ષણથી વિમુખ થઈ ગયા છે તે બાળકોને પણ શિક્ષણ તરફ વાળી શકાય છે. સરકારની ગાઈડલાયન્સ તો ઓનલાઈન શિક્ષણ માટે છે પરંતુ આવા અંતરિયાળ વિસ્તારમાં ઓનલાઈન શિક્ષણ શકય ન હોવાથી શિક્ષકોએ પોતે આ કાર્ય ઉપાડ્યું છે આવા શિક્ષકોના ભગીરથ કાર્યને જોતા ચાણક્ય નું એક સૂત્ર યાદ આવે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 273

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## દુનિયાભરમાં વિકાસ મોડલ થી ઓળખાતા ગુજરાત રાજ્યના

# ગોધરા તાલુકાના બોડીદ્રા (બુ.) ગ્રામ પંચાયતના તલાટી નિમિષાબેન ના રાજમાં ભ્રષ્ટાચારની ચાલતી પાપલીલા ....!

## બોડીદ્રા (બુ.)માં અનેક વિકાસના કામો માત્ર કાગળ ઉપર બોલે પણ વાસ્તવિકતા કાંઈક અલગ જ ... !

બોડીદ્રા (બુ.) ગ્રામ પંચાયતમાં સરકાર દ્વારા આવેલ ગ્રાન્ટોમાં તેમજ યોજનાઓમાં થયો ભય વગરનો ભ્રષ્ટાચાર.....

સરકારની સ્વચ્છ પ્રતિભાને લૂણો લગાડનાર બોડીદ્રા (બુ.) ગ્રામ પંચાયતના તલાટી નિમિષાબેનના કારનામા થી ઉચ્ચ અધિકારીઓ અજાણ ...? કે પછી આંખ આડા કાન ....??

ડિજિટલ યુગમાં તલાટી નિમિષાબેન અને તેના મળતિયા ભ્રષ્ટ સત્તાધીશોના કારનામાંથી બોડીદ્રા (બુ.) ગામ વિકાસ કામોથી રહ્યો વંચિત ...!

તલાટી નિમિષાબેન અને તેના મળતિયા એવા કહેવાતા ગણ્યા–ગાંઠ્યાઓના મીલીભગત થી બોડીદ્રા (બુ.) ગ્રામ પંચાયતમાં ખેલાયો ખાયકીનો ખેલ ...!

પ્રજા કહે છે... આ કૌભાંડી તલાટી નિમિષાબેનએ ખાલી કાગળ ઉપર વિકાસ કામો બતાવીને મોટી ખાયકીનો ખેલ ખેલી નાખ્યો છે... શું એની નિષ્પક્ષ તપાસ થશે ખરી...? કે પછી ભાગીદારીમાં ભાગ વધશે ...??

**“વાડ ચીભડાં ગળે”**

**સરકાર દ્વારા થોકબધ્ધ યોજનાઓ અને તેની પાછળ કરોડો રુપિયાની જોગવાઈ હોવા છતાં ભ્રષ્ટાચારરૂપી તલાટી નિમિષાબેનના પાપ લીલાના કારણે ગરીબ પ્રજા વિકાસથી રહી ત્યાં ને ત્યાં જ.... !!**

તલાટી નિમિષાબેનએ પોતાની સત્તાનો દુરઉપયોગ કરી લાખ્ખો રૂપિયાની સરકારી યોજનાઓ થકી વિકાસના કામો કાગળો ઉપર બતાવી મસમોટો ભ્રષ્ટાચાર કરી નાખ્યો હોવાની ઉઠી ફરિયાદો... ઉચ્ચ અધિકારીઓની “તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ”ની ભૂમિકા ....?

## ગુજરાત વિકાસ મોડલનું સુરસુરિયું બોલાવી ગુજરાત વિકાસ મોડલને કલંક લગાવતી બોડીદ્રા (બુ.) ગ્રામ પંચાયતની તલાટી નિમિષાબેન....!!

બોડીદ્રા (બુ.) ના તલાટી નિમિષાબેન મેહરબાન બનતા ગ્રામ પંચાયતના કહેવાતા સત્તાધીશો વિકાસ કામોમાં ગેરરીતિ આચરવવામાં બન્યા મકોડી પહેલવાન...!!

બોડીદ્રા (બુ.)ના તલાટી નિમિષાબેનએ ભારે કરી....! તાલુકા વિકાસ અધિકારીના આદેશને ઘોળીને પી ગઈ... !!

ગ્રામ પંચાયત બોડીદ્રા (બુ.) વિસ્તારમાં થયેલ વિકાસ કામોની માહિતી છુપાવીને તેમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર કરનારની રખેવાળ બન્યા તલાટી નિમિષાબેન.... !!

ગુજરાત વિકાસ મોડલને લાંછન લગાડનાર અને “પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ” સમજનાર તલાટી નિમિષાબેનની શાન ઠેકાણે કોણ લાવશે ...??

ગરીબ લાચાર પ્રજાની પુકાર..... ફરજના બદલે માત્ર વહીવટમાં જ રસ ધરાવતા આ નિમિષાબેન ઉપર લગામ કોણ લગાવશે...??

બોડીદ્રા (બુ.)ના તલાટી નિમિષાબેનની કામગીરી શંકાના ના દાયરામાં.... !

પંચમહાલ જિલ્લામાં ખાયકીનો ખેલ ખેલવામાં બોડીદ્રા (બુ.)ના તલાટી નિમિષાબેન માસ્ટરમાઈન્ડ ...?

**બોડીદ્રા (બુ.) ના તલાટી નિમિષાબેનએ ક્યાં ક્યાં કામોમો ગેરરીતિ આચરીને સરકરને ચોપાડ્યો છે ચૂનો...? અને તેમાં કોણ કોણ છે ભાગીદાર...? વાંચો વિગતવાર માહિતી ફોટા સાથે.....**

## ગોધરા નગરપાલિકામાં ભાજપના સભ્યોએ ચેરમેન પદો પર બિરાજમાન

ગોધરા,

ગોધરા નગર પાલિકામાં ભાજપે અપક્ષો પાસેથી ૧૬ જેટલી સમિતીઓ આંચકી લઈ આજરોજ ચેરમેન તરીકેના કાર્યભાર સંભાળ્યો હતો. નગર પાલિકાના પોલીટીક ડ્રામામાં સવાર થી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પાલિકામાં વિવિધ સમિતિઓના ચેરમેન પદ આંચકી લેવાના આનંદમાં ભાજપના સભ્યો સોશ્યલ ડીસ્ટન્સ અને માસ્ક વગર જોવા મળ્યા હતા.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

> ગોધરા પાલિકામાં અપક્ષોના શાસનવાળી બોડીમાં ભાજપના સભ્યો ૧૬ જેટલી સમિતિઓના ચેરમેન તરીકે કાર્યભાર સંભાળ્યો છે. ત્યારે સત્તા મેળવવાના ઉત્સાહમાં ભાજપના સભ્યો અને બીજેપીના કાર્યકરો કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવાનું ચુકયા હતા. તમામ સભ્યો સોશ્યલ ડીસ્ટન્સ અને માસ્ક વગર જોવા મળ્યા હતા. આ બાબતે મીડીયા એ ગોધરા ભાજપ શહેર પ્રમુખને પૂછતા સ્વીકાર કર્યો હતો કે અતિઉત્સાહમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવાનું ચુકાઈ ગયું છે.

ગોધરા નગર પાલિકામાં શુક્રવારના રોજ નગર પાલિકાની સામાન્ય સભા ગોધરા સરદાર નગર ખંડ ખાતે મળનાર હતી. પાલિકાની સત્તાધારી પાર્ટીના પ્રમુખ દ્વારા સામાન્ય સભા રદ કરવામાં આવી હતી. ત્યારે બપોરના ત્રણ વાગ્યાના સમયે પાલિકામાં ચુંટાયેલા ભાજપના સભ્યો એ સરદાર નગર ખંડમાં ભેગા થઈને પાલિકા ચીફ ઓફિસરને સામાન્ય સભા બોલાવવા માટે સભ્યોની સંખ્યા પુરતી હોવાનું દબાણ કરીને સામાન્ય સભા બોલાવી હતી અને ભાજપના પાલિકાના સભ્યો દ્વારા ૧૬ જેટલી કમીટીઓના ચેરમેન તેમજ કમીટીની રચના કરીને જાહેરાત કરવામાં આવી હતી. તેની અપક્ષ શાકસ પક્ષના પ્રમુખ દ્વારા નિયમો વિરૂદ્ધ હોવાનું જણાવીને પાલિકા ચીફ ઓફિસર અને સ્ટાફ દ્વારા નીતિ નિયમોનું પાલન નહિ કરીને સામાન્ય સભા ભરેલ છે. તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા અને હાઈકોર્ટમાં જવાનું જણાવવામાં આવ્યું હતું. તેની વચ્ચે આજરોજ ગોધરા નગર પાલિકામાં પોલીટીક ડ્રામો શરૂ થઈ ગયો હતો. વહેલી સવારના પાલિકા અને પાલિકા રોડ ઉપર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને પોલીસ બંદોબસ્ત વચ્ચે પાલિકાના ચુંટાયેલા ભાજપના સભ્યો દ્વારા સામાન્ય સભામાં નિમણુંક કરેલ વિવિધ ૧૬ જેટલી સમીતીઓના ચેરમેન તરીકેના કાર્યભાર સંભાળ્યો હતો. હાલ પાલિકાની ૧૬ જેટલી સમિતિઓના ચેરમેન તરીકે ભાજપના સભ્યો સત્તારૂઢ થયા છે. જ્યારે બીજી તરફ અપક્ષો સત્તામાં છે. હવે આવનાર દિવસોમાં પાલિકામં કેવા પ્રકારના પોલીસટીક ડ્રામા થાય છે. તે જોવું રહ્યું.

## દે.બારીયા પોલીસ મથક વિસ્તારમાંથી ચોરાયેલ ટ્રેકટર સાથે આરોપીને SOG પોલીસે ઝડપ્યો



ગોધરા,

બાતમી આધારે પો.સ.ઇ આર.એમ. મુંધવા તથા સ્ટાફના માણસો વેજલપુર પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા અને જેઓને સદરી બાતમી આધારે કાયદેસર કરવા સારૂ સુચના કરતા બાતમીવાળી જગ્યા કરોલી ગામના માલવણ રોડ પાસે પહોંચી જઈ તપાસ કરતા સદરી વિરેન્દ્ર ઉર્ફે ભુરિયો રણજીતસિંહ જાધવ રહે . ભુખી ખેડા ફળીયુ તા.કાલોલ જી.પંચમહાલનાનો વેજલપુર પોલીસ સ્ટેશન ગુનામાં વોન્ટેડ હોય અને તેના કજામાં એક નંબર પ્લેટ વગરનુ લાલ કલરનુ ટાફે મેસી ટ્રેકટર મળી આવેલ જેથી સદર ટ્રેકટરના એજીન નંબર તથા ચેસીસ નંબર આધારે અન્ય જગ્યાએ તપાસ કરાવતા સદર ટ્રેકટર દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરીમાં ગયેલ હોય જે બાબતે દેવગઢ બારીઆ પો.સ્ટે ખાતે ગુર.નં. ૦૪૧૭/૨૦૨૧ ઈપીકો કલમ ૩૭૯ થી ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપીને સી.આર.પી.સી કલમ ૪૧ (૧) (ડી), ૧૦૨ મુજબના કામે અટક કરી દાહોદ જીલ્લામાં ગુનાના કામે સોંપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## ગોધરામાં મોડી સાંજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં વરસાદની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી ત્યારે સોમવારની મોડી સાંજે ગોધરામાં સોમવારની મોડી સાંજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. જ્યારે પ્રભાકુંજ સોસાયટી સહિત અનેક નીચાણવાળા વિસ્તારમાં સામાન્ય પાણી ભરાતા ત્યાંના રહીશો ચિંતિત થઈ ઉઠયા હતા.

પંચમહાલ જિલ્લામા પાછલા કેટલાક સમયથી મેઘરાજા જાણે રિસાયા હોય તેમ ખેડૂતોને લાગી રહયુ હતુ. ગોધરા શહેરમાં સોમવારની મોડી સાંજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા બફારા અને ઉકળાટભર્યા વાતાવરણમાંથી શહેરીજનોને થોડીવાર મુકિત મળી હોય તેવો અહેસાસ થવા સાથે ઠંડક પ્રસરી હતી. શહેરના પ્રભાકુંજ સોસાયટી, બી.વી.ગાંધી પેટ્રોલ પંપ તેમજ ભુરાવાવ અને લાલ બાગ બગીચા પાસે પસાર થતા માર્ગ ઉપર પાણી ભરવા સાથે અન્ય નીચાણવાળા વિસ્તારો માં વરસાદી પાણી ભરાયા હતા. ધોધમાર વરસાદ વરસતા શહેરીજનો ને ભારે ઉકળાટ માંથી છુટકારો મળતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.નીચાણવાળા વિસ્તારો માં પાણી ભરાતા નગરપાલિકાની કામગીરી સામે પ્રશ્નાર્થ સર્જાયા હતા. ચોમાસાની ઋતુમા ઘણા સમય બાદ મેઘરાજા મન ભરીને વર્ષે હોય તેઓ અહેસાસ પણ શહેરીજનોને થયો હોય તેમ લાગી રહયું હતું. જ્યારે જગતનો તાત મેઘરાજાને મન ભરીને વરસવા માટે પ્રાર્થના કરી રહ્યો છે.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

## શહેરામાં હાઈવે રોડ પેટ્રોલ પંપ ઉપર ઉભેલ ડમ્પર માંથી ૮ ટાયરની ચોરી

શહેરા,

શહેરા નગરમા પસાર થતા ધમધમતા હાઈવે માર્ગને અડીને આવેલ રિલાયન્સ પેટ્રોલપંપ પાસે રાત્રિ દરમિયાન ઉભા રહેલા બે ડમ્ફર વાહનો માથી પાછળના ૮ ટાયરોની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે.પોલીસને ચોરોએ જાણે પડકાર ફેકી રહ્યા હોય તેમ લાગી રહ્યુ છે. વાહન માલિક દ્વારા આ મામલે પોલીસને જાણ કરાઈ હતી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા લુણાવાડા રાજ્ય ધોરીમાર્ગ હોવાથી અહી રાતદિવસ વાહનોનો ધમધમાટ રહે છે.ત્યારે રીલાયન્સ પ્રેટોલ પંપ પાસે રવિવારની રાત્રિ દરમિયાન હાઈવે માર્ગને અડીને ઉભા રહેલા બે ડમ્ફર વાહનના પાછળના ભાગના ટાયરની ચોરીની ઘટના બની હતી. અજાણ્યા ચોરો ડમ્ફર વાહન ના ૮ જેટલા ટાયરોની ચોરી કરી રફુ ચક્કર થઈ ગયા હતા. સતત હાઈવે માર્ગ ધમધમતો હોય છે. ત્યારે રવિવારની રાતે કોઈ અજાણ્યા ચોરોએ તરખાટ મચાવ્યો હતો. ત્યારે સ્થાનિક પોલીસની રાત્રી પ્રેટોલિંગની કામગીરી સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. જ્યારે આ મામલે વાહન માલિક મહેન્દ્ર ડાભીએ જણાવ્યું હતું કે મારા ડમ્ફર વાહનના પાછળના સાત જેટલા ટાયરોની કોઈ ચોરી કરી લઇ ગયું છે જેની કિંમત અઢી લાખની આસપાસ થવા સાથે મે પોલીસને જાણ કરી છે. ટાયર ચોરીની ઘટના બન્યા બાદ અન્ય ચોરીની ઘટના બને તે પહેલા પોલીસ તંત્ર એકશનમાં આવી ને ચોરને પકડી પાડવામાં આ બનેલા બનાવ પરથી જરૂરી લાગી રહયું છે.




હિન્દુ સંસ્કૃતિ સંવર્ધન સમિતિ દ્વારા સારસ્વત સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં ભાનુભાઈ પંચાલ જીલ્લા શિક્ષણાધિકારી, ભરતભાઈ પંચાલ બરાસરા નિવૃત્ત શિક્ષક તથા અરવિંદભાઈ પ્રજાપતિ નિવૃત્ત જીલ્લા શિક્ષણ અધિકારીનું સન્માન પત્ર, ચાંદીનો સીકકો, સાલ તથા પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

## હાલોલ સ્ટેશન રોડ ઉપર પૈસાની લેવડ દેવડ એક વ્યકિત ઉપર હુમલો કરાતા ઈજાઓ

હાલોલ,

હાલોલના સ્ટેશન રોડ હજીરા પાસે બે વ્યક્તિઓ વચ્ચે પૈસાની લેવડ દેવડ બાબતે ગાળો આપી મારક હથિયારો વડે હુમલો કરતા એક વ્યકિતને લોહિલુહાણ કરી દેતા હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી. પ્રાપ્ત માહિતી મુજબ સદ્દામ યુસુફભાઈ દેલોલિયા(ઉ.વ.૨૮ રહે.કરીમ કોલોની, હાલોલ)પૈસાની જરૂર હોવાથી લગભગ ૬ માસ અગાઉ હાલોલમાં રહેતા વહાબખાન અનવરખાન પઠાણ (રહે.ખોખર ફળિયા, હાલોલ) પાસેથી રૂ.૨૦ હજાર ઉછીણા લીધા હતા. અને સગવડ થતાં રૂ. ૧૫ હજાર પરત આપી દીધા હતા. ત્યારે ગત મોડી રાતે સદ્દામ યુસુફભાઈ દેલોલીયા રાત્રે જમીને હજીરા રોડ પાસે આવેલી એક લારી ઉપર બેઠા હતા દરમિયાન વહાબખાન પઠાણ પોતાનુ બાઈક લઈ આવી ગુસ્સામાં ગાળો બોલી કહેવા લાગેલ કે, તુ મારા આપેલા પૈસા કેમ પાછા આપતો નથી કહી લાફો ઝીંકી દીધો હતો. તે બાદ થોડીવારમાં પરત આવી મારક હથિયારથી મારતા હાથમાંથી લોહી નીકળતુ હતુ. જેથી વહાબખાન પઠાણે કહ્યુ કે, હું તને જોઈ લઈશ કહી ધમકી આપી ચાલ્યો ગયો હતો. જેબાદ ઈજાગ્રસ્ત સદ્દામ યુસુફભાઈ દેલોલીયાને એકત્રિત થયેલા ટોળાએ સારવાર માટે દવાખાને ખસેડ્યો હતો. આ અંગે મામલે હાલોલ પોલીસ મથકે ફરિયાદ દાખલ થતાં પોલીસે ફરિયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરા રણછોડજી મંદિર ખાતે અષાઢી બીજે ભગવાન જગન્નાથના રથને નીજ મંદિરમાં ફેરવી ઉજવણી કરાઈ

ગોધરા,

ગોધરા શહેરમાં અષાઢી બીજના પાવન પર્વ એ રણછોડજી મંદિર ખાતે ભગવાન જગન્નાથની રથયાત્રા મંદિર પરીસરમાં ફેરવવામાં આવી હતી. ભાવિભકતો જય રણછોડના નાદ થી મંદિર પરીસરમાં ગુંજી ઉઠયું હતું.

રાજ્યમાં ગત વર્ષે અષાઢી બીજીના પાવન પર્વ કોરોના મહામારીને લઈ જગન્નાથ ભગવાનની રથયાત્રા નિકળી શકી ન હતી. ચાલુ વર્ષે પણ ગોધરા શહેરમાં કોરોના મહામારીને લઈ ભગવાન જગન્નાથની રથયાત્રા નગરના રાજમાર્ગો ઉપર કાઢવામાં આવી ન હતી પરંતુ આજરોજ અષાઢી બીજના પાવન પર્વએ ગોધરા રણછોડજી મંદિર ખાતે ભગવાન જગન્નાથને રથ ઉપર બીરાજમાન કરીને મંદિર પરીસરમાં રથયાત્રા ફેરવવામાં આવી હતી. ભકતો સોશ્યલ ડીસ્ટન્સ અને કોરોના ગાઈડ લાઈનના પાલન સાથે જય જગન્નાથ જય રણછોડના નાદ સાથે ભગવાન જગન્નાથને દેશ અને દુનિયા માંથી કોરોના મહામારીનો અંત લાવવા માટે પ્રાર્થના કરી હતી.

## ગોધરા મધ્ય ગુજરાત વીજ કંપનીના નિવૃત્ત વિદ્યુત કર્મચારીઓનું સંમેલન યોજાયુ : વિવિધ માંગણીઓ અંગે ધારાસભ્યને રજુઆત

ગોધરા,

ગોધરા ખાતે મધ્યગુજરાત વીજ કંપની લિમીટેડના નિવૃત્ત વિદ્યુત કર્મચારીઓનુ સ્નેહ સંમેલન યોજાયુ હતુ. પંચમહાલ, દાહોદ, અને મહિસાગર જિલ્લાના નિવૃત્ત કર્મચારીઓના પ્રથમવાર યોજાયેલા સંમેલનમાં ધારાસભ્ય સી.કે.રાઉલજીએ ઉપસ્થિત નિવૃત્ત કર્મચારીઓ અને મંડળના હોદ્દેદારોના પ્રશ્નો અને માંગણીઓ મુદ્દે સરકારમાં રજુઆત કરતા ખાતરી આપી હતી. આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ નિવૃત્ત કર્મચારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં મંડળના પ્રભારી ગુપ્તા, પ્રમુખ કિરણ કવિ, મહામંત્રી જે.કે.ચૌહાણ, ગોધરા એમજીવીસીએલના કાર્યપાલક ઈજનેર જી.જે.બામણિયા ઉપસ્થિત રહ્યા હતા. પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાંથી ૨૦૦થી વધુ નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ઉપસ્થિત મહાનુભાવોએ સંબોધ્યા હતા. દરમિયાન નિવૃત્ત વિદ્યુત કર્મચારીઓમાં ટેપેન્શન, મેડિકલ, ગ્રેજયુએટી જેવા જેવા પ્રશ્નો અને તેના માટે ચાલી રહેલી લડત અંગે આગામી સમયમાં તમામ પ્રશ્નોનો ઉકેલ લાવવાના પ્રયાસ ચાલુ છે. જેમાં સફળતા મળશે એવો આશાવાદ મહાનુભાવોએ વ્યકત કર્યો હતો.